વડીલોને વંદન અભિનંદન

જયોત્સનાબેન સી. વ્યાસ
(૧૯૫૦) ફોન: ૨૩૨૨૫૪૪૩

મિનાક્ષીબેન બી. શેઠ
(૧૯૫૪) ફોન: ૨૩૨૧૧૫૨૨

લેહની સ્વયં સહાય ગ્રુપની મહિલાઓ રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૮

'સેવા' અને અખિલ ભારતીય આપદા અવશમન સંસ્થા અમદાવાદના સંયુક્ત ઉપક્રમે રાજ્યના પ્રવાસે આવેલા લેહની સ્વયં સહાય ગ્રુપની મહિલાઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન લેહની મહિલાઓએ સાથે રાજ્યપાલશ્રીએ રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ તેમને આર્થિક નિર્ભરતા માટે સ્વયં સહાય ગ્રુપની પ્રવૃત્તિઓના વિસ્તાર પર ભાર મુક્યો હતો.

ઈડર ખાતે મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત વિનામૂલ્યે નિદાન સારવાર મેગા કેમ્પ યોજાયો

રૂ. ૬૧ લાખના ખર્ચે નિર્મિત થયેલી ઈડર તાલુકા આરોગ્ય કચેરીનું લોકાર્પણ કરાયું

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે શુક્રવારે ઈડર ખાતેના સર પ્રતાપ હાઈસ્કૂલના મેદાનમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત વિનામૂલ્યે નિદાન અને સારવાર મેગા કેમ્પ તથા રૂ. ૬૧ લાખના ખર્ચે નિર્મિત થયેલ ઈડર તાલુકા આરોગ્ય કચેરીનું લોકાર્પણ આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે કરાયું હતું.

આ મેગા કેમ્પમાં રાજ્યની વિવિધ હોસ્પિટલોમાંથી નિષ્ણાત તબીબોએ ઉપસ્થિત રહીને દરદીઓને નિદાન-સારવાર કર્યા હતા. આ મેગા કેમ્પમાં સાત હજાર દર્દીઓ નોંધાયા હતા. જેમને નિદાન સારવાર-દવા અને જરૂર જણાયે તેવા દરદીઓના મફત ઓપરેશન કરાશે. આ મેગા કેમ્પને ખુલ્લો મુકતા આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની પ્રજાને ઘર આંગણે જ અદ્યતન નિદાન-સારવાર સુવિધા મળે તે માટે રાજ્ય સરકારે

(તસવીર : મગનજી વણઝારા)

સવિશેષ પ્રયાસો કર્યા છે. ગરીબ દર્દીઓને આર્થિક સંકડામણના કારણે સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંવેદનશીલ અભિગમ અપનાવીને આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરી છે. રાજ્યના ૩૫ લાખથી વધુ બીપીએલ પરિવારો માટે 'મા' યોજના અમલી બનાવીને સાચા અર્થમાં ગરીબોની સેવા કરી છે. રાજ્ય સરકારે સરકારી ઉપરાંત ૭૦ ખાનગી હોસ્પિટલોમાં 'મા' યોજના અંતર્ગત રૂ. બે લાખ સુધીની આરોગ્ય સેવા વિનામૂલ્યે આપવાનો સેવા યજ્ઞ આરંભ્યો છે. જેમાં ૪૮૦ જેટલા રોગોમાં સારવાર અપાય છે. દેશમાં આવી યોજના અમલમાં મુકનાર ગુજરાત એકમાત્ર રાજ્ય છે એમ તેમણે ઉમેર્યું હતું. ગરીબી રેખાથી ઉપર જીવતા અને બે લાખની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા મધ્યમ વર્ગીય પરિવારો માટે નિયત કરાયેલી હોસ્પિટલોમાં સારવારમાં ૫૦ ટકા રાહત આપવાની યોજના પણ અમલમાં મુકવામાં આવી હોવાનું જણાવ્યું હતું. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે,

પ્રજાસત્તાક પર્વની ઉજવણી અને વિકાસકામો સાથે જોડીને રાજ્ય સરકારે સાબરકાંઠા જિલ્લાને રૂ. બે કરોડ રૂપિયા વિકાસકામો માટે ફાળવ્યા છે. પૈકી માત્ર ઈડર વિધાનસભા વિસ્તારમાં રૂ. ૧૧૧ કરોડના કામો હાથ ધરાયા છે. રાજ્ય સરકારે પ્રજાના આરોગ્યની પણ તકેદારી રાખી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોના આરોગ્યની તપાસ કરી જરૂરિયાત મંદ બાળકોના ઓપરેશન માટેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે. મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે જીવતા લાભાર્થિઓને ૪૮૦ જેટલા રોગો માટે રૂ. બે લાખ સુધીની સહાય અપાય છે. તેમણે રાજ્યની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાયેલ આરોગ્ય સેવાની જાણકારી આપી હતી. કેન્દ્ર સરકારે બીપીએલ યાદીમાં ગરીબોને સમાવવા માટેના રાખેલા માપદંડ તદન અવાસ્તવિકતા છે ત્યારે ગુજરાત સરકારે ગરીબો માટે આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરીને સાચા અર્થમાં ગરીબોની સેવા કરી છે એમ તેમણે ઉમેર્યું હતુ. જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. નાગરાજને જિલ્લામાં હાથ ધરાયેલી આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ અને 'મુખ્યમંત્રી અમૃતમ-મા' યોજના અંતર્ગત ગરીબ લાભાર્થીઓને અપાતી સારવાર સુવિધાઓની જાણકારી આપી હતી.

આ પ્રસંગે એસ.ટી. નિગમના ડીરેક્ટર, કુ. કૌશલ્યા કુંવરબા જિલ્લા કલેક્ટર બંછાનિધિ પાની જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી, સિવિલ સર્જન ડૉ. જયંત ઉપેરીયા, ઈડર સિવિલના ડૉ. જી.એસ. ગઢવી સહીત મોટી સંખ્યામાં જિલ્લાના મેડીકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા શહેરના સ્ટેશનરોડ પર ગટરના ખોદકામ પછીની પરિસ્થિતિથી વેપારીઓ પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ચાલી રહી છે. ગટરના ખોદકામ પછી ઉભી થતી પરિસ્થિતિથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા છે. સ્ટેશન રોડ ઉપરના પાઈપલાઈન લીકેજથી થતા કાદવકીચડ અને છેલ્લા પંદર દિવસથી બંધ સ્ટ્રીટલાઈટોથી વેપારીઓ પરેશાની ભોગવી રહ્યા છે. ગટરના કોન્ટ્રાક્ટર દ્વારા કરવાની કામગીરીમાં આંખ આડા કાન કરવામાં આવતા હોવાનું લોકો જણાવી રહ્યા છે. સ્ટેશનરોડ સત્વરે દુરસ્ત કરી સ્ટ્રીટલાઈટો શરૂ કરવામાં આવે તેવું વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

ખેડબ્રહ્મા સ્ટેશનરોડના મુકેશભાઈ બી. મહેતા, જયંતીભાઈ પી. પટેલ, મહેન્દ્રભાઈ સી. સોની, હસમુખભાઈ કે. રાવલ તથા કૌશિકભાઈ બી. ત્રિવેદી સહીતના વેપારીઓના જણાવ્યાનુસાર સ્ટેશન રોડ એ ખેડબ્રહ્માના હાર્દસમા રોડ પૈકીનો એક રોડ છે. આ રોડ ઉપર તમામ પ્રકારની ચીજવસ્તુઓ કાપડ તથા સ્વીટ માટેની દુકાનો આવેલી છે. અને હજારોની સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. આ રાડે ઉપર ચાલતી ગટરની ખોદકામની કામગીરી પછી ઉભી થતી પરિસ્થિતિથી લોકો પરેશાની ભોગવી રહ્યા છે. તૂટેલી પાઈપલાઈનથી પાણીના બગાડ સાથે કાદવકીચડ અને ખાડા ટેકરાથી વેપારીઓ સહીત ગ્રાહકો વાજ આવી ગયા છે. ગટર ખોદકામથી છેલ્લા પંદર દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ છે. જેથી અંધારપટના કારણે શહેરમાં વધી રહેલી ચોરીઓના કારણે વેપારીઓમાં ચોરીનો ભય સતાવી રહ્યો છે. ખેડબ્રહ્માના સમાજ સેવક રામજી મહારાજે જીયુડીસીમાં કરેલી રજુઆતના જવાબમાં જીયુડીસીએ ગટર ખોદકામ પછી અપંગ તથા વૃદ્ધ સીનીયર સીટીઝનને પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ સમગ્ર શહેરમાં ગટર ખોદકામ કર્યા પછી કરવાની થતી ખાડા પુરવાની - માટી ઉઠાવવા સહીતની કામગીરી કોન્ટ્રાક્ટરે કરવાની હોય છે. અને જીયુડીસીએ કોન્ટ્રાક્ટર તથા

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

જીયુડીસીના અધિકારીઓને આ અંગે કરેલ કામગીરીનો સંયુક્ત રીપોર્ટ સાત દિવસમાં કરવાનું જણાવ્યું હોવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે.

સીવીલ રોડની પાઈપલાઈનનું લીકેજ છેલ્લા એક માસથી યથાવત છે આ રોડ ઉપર જનરલ હોસ્પિટલ, કોર્ટ-વેપારીઓની દુકાનો તથા વકીલોની ઓફીસો આવેલી છે. લીકેજના કારણે થતા કાદવકીચડથી લોકો પરેશાની ભોગવી રહ્યા છે. આ અંગે પાલીકામાં તથા ગટરના કોન્ટ્રાક્ટરને રજુઆત કરવા છતાં લીકેજ બંધ કરવા દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. ગટર ખોદકામ પછી ખાડા પુરવા-રોડ સમતલ કરવા વગેરે કામગીરી સત્વરે કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

ડીસામાં તસ્કર રાજ : ૧૨ દુકાનોના શટર તુટ્યા

ડીસા, તા. ૧૮

ડીસા હાઈવે પરના અનાજ માર્કેટયાર્ડ રોડ ઉપર આવેલ એક શોપિંગ સેન્ટરને રાત્રી સમયે તસ્કરોએ નિશાન બનાવી સાગમટે બાર જેટલી દુકાનોના તાળા તોડી ચોરી કરતા પોલીસતંત્રમાં દોડધામ મચી જવા પામી છે. જો કે, પોલીસે એફએસએલ અને ડૉગ સ્કવોર્ડની મદદથી તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા માર્કેટયાર્ડ પાસેના જી.એલ. પઢિયાર શોપિંગ સેન્ટરને તસ્કરોએ નિશાન બનાવી એક સાથે ૧૨ જેટલી દુકાનોના તાળા તોડી આંતક મચાવતા વેપારીઓમાં ભય મિશ્રિત આક્રોશ જોવા મળેલ છે. અને આ બાબતે વેપારી આગેવાન વિનોદભાઈ પઢીયારે તેમજ નરેશભાઈએ આ ઘટનાને વખોડી

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

શટરો તોડ્યા હતા, જેમાં દસ દુકાનોમાંથી કુલ રોડડ ૩૧,૧૨૦ રૂપિયાની ચોરી પ્રાથમિક તપાસમાં બહાર આવેલ છે.

જો કે આ બાબતે ચોરીની જાણ થતા ડીસા દક્ષિણ પોલીસના પી.એસ.આઈ. એ.કે. ગઢવી ટીમ અન્ય પુરાવા એકઠા કર્યા હતા. આ ચોરીની ઘટના ડિટેક કરવા તેમને ડૉગ સ્કોડ અને એફ.એસ.એલ.ની ટીમને બોલાવી હોવાનું તેમને જણાવ્યું હતું. અનેઆ ઘટનામાં ઘટનાસ્થળેથી મળેલા પુરાવા જોતાં ટુંક સમયમાં આ ગુનોડનો પોલીસ આશાવાદ સેવી રહી છે.

શબ્દાવલી - ૫૨૯૧

૧		૨		■	૩		
	■		■	■		■	
૪	૫		■	૬		૭	૮
■	૯		■		■	૧૦	
૧૧			૧૨			■	
■	૧૩	૧૪			■	૧૫	■
૧૬	■	૧૭		■	૧૮		૧૯
૨૦			■	૨૧		■	

આડી ચાવી

૧. આચરવું તે, વર્તણુંક (૪)
૩. કદાવર, મોટું (૩)
૪. ચામડીનો એક રોગ (૩)
૬. સરખુ, સમાન (૪)
૯. ઘડીનો સાંઇઠમો ભાગ(૨)
૧૦. પક્ષી, ગ્રહ (૨)
૧૨. કાંડુ, એક ધાતુ (૩)
૧૩. સપ્લીમેન્ટરી, વધારાનું જોડવું તે (૪)
૧૭. સોનાના કસનો આંક (૨)
૧૮. જુદુ, વેગળું (૩)
૨૦. વેડમીમાં ભરવા... જોઇએ (૩)
૨૧. મદદ (૨)

ઊભી ચાવી

૧. ખોરાક, ભોજન (૪)
૨. રખેવાળી કરનાર (૪)
૩. આરામ, વિરામ (૩)
૫. સાધના, યોગ (૨)
૬. પ્રવાસી, પર્યટક (૪)
૭. ઝેર (૨)
૮. પર્વત, પહાડ (૩)
૧૧. જનની (૧)
૧૨. સુરક્ષા માટેનું બખ્તર (૩)
૧૪. રટવું તે (૩)
૧૫. છેતરવું (૨)
૧૬. હક્કનું માંગણુ, લાગો (૨)
૧૮. થોડું, જરા (૨)
૧૯. હાથી, એક માપ (૨)

શબ્દાવલી ૫૨૯૦ના જવાબ

આડી ચાવી :- (૧) વાવડ (૪) ટાવર (૭) સુહાસીની (૧૦) ગણ (૧૨) પતરાળી (૧૩) પલાણ (૧૪) સાર (૧૬) જવ (૧૭) પરોણાગત (૨૦) નશો (૨૨) ટીપણું (૨૩) ચાકર (૨૪) દ્યુત

ઊભી ચાવી :- (૨) વસુ (૩) ડહાપણ (૫) વગ (૬) રણકાર (૮) સીન (૯) નીરાશ (૧૧) ગપસપ (૧૪) સાવન (૧૫) સોગટી (૧૮) રોનક (૧૯) તપસ્વી (૨૧) શોણિત

મુંબઇથી પકડાયો...

● છેલ્લા પાનાનું ચાલુ

આર.ટી.જી.એ રા.થી મોકલવાના રૂ. ૧૧,૬૦,૦૬,૭૩૪ ઠગાઈ કરવાના ઈરાદે ખોટા પત્રકો બનાવી તેના પર હિસાબી અધિકારી પ્રકાશચંદ્ર પરમારની સહી કરીને દેના બેન્કના પોતાના ખાતામાં જમા કરાવી દીધા હતા. રૂપિયા જમા કરવા આ શખ્સ બેંકમાં ગયો ત્યારે બેંક દ્વારા સંબંધીત સોસાયટીના જાણીતા કર્મચારી કલ્પેશ સોનીને આ રૂપિયા પરેશના ખાતામાં જમા કરવા કે નહી તે અંગે પૃચ્છા કરી હતી. કલ્પેશ સોનીએ આ અંગે હકારાત્મક જવાબ આપતા બેંક દ્વારા રૂ. ૧૧.૬૦ કરોડ પ્રાઈવેટ ખાતામાં જમા કર્યા હતા. ડી.આઈ.જી. રાજીવ રંજન ભગત તથા એસ.પી. શરદ સિંઘલના સતત સુપરવિઝન હેઠળ ડીવાયએસપી જે.એ. જાડેજાની ટીમ, એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારની ટીમ, એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની ટીમ તથા સે. ૭ પી.આઈ. જે.એમ. ભરવાડની ટીમ મળીને પાંચ-પાંચ ટીમો તપાસ માટે દોડાવી દેવામાં આવી હતી. દરમ્યાન પોલીસને જાણવા મળ્યું કે આ શખ્સ અમેરીકા જતો રહેવાનાં ફિરાકમાં છે. સહકર્મી કલ્પેશ સોની સમગ્ર બાબત જાણતો હતો. તેને ઉપાડી લઈને એક ટીમે પુછપરછ કરતાં પુરૂ નામ-ઠામ મેળવી તપાસ શરૂ કરી દીધી હતી. નડીયાદ પરેશના ઘરે તપાસ કરી તો અઠવાડીયાથી પરિવાર સામાન સાથે નીકળી ગયો હોવાનું જાણવા મળ્યું. તાત્કાલિક આરોપી પરેશ વિરૂદ્ધ લુકઆઉટ નોટીસ ઈસ્યુ કરીને એરપોર્ટ પર જાણ કરી દીધી હતી. સહ કર્મીની સઘન પુછતાછમાં તેની પાસેથી જાણવા મળ્યું કે તેણે રૂપિયા બેંકમાંથી ઉપાડી લઈ તેનું ૧૩ કિલો સોની અમદાવાદના રાઠોડ બુલીયન્સમાંથી લઈ લીધુ છે. રૂ. ૨ કરોડ મુંબઈની બેંક ખાતામાં પરેશે જમા કરાવી દીધા છે. ૧૦ કિલો સોનુ લઈને તે નીકળી ગયો છે અને ૩ કિલો ૧૦૦ ગ્રામ જેટલું સોનુ કલ્પેશની પાસે જ હોવાનું ખુલ્યુ હતું. તમામ બેન્ક ખાતા પરેશના સીઝ કરાવી દઈને વિવિધ બેંક ખાતામાંથી મળી રૂ. ૩.૮૨ કરોડ રોકડા પોલીસે જપ્ત કરી લીધા અને કલ્પેશ પાસેથી ૩ કિલો ૧૦૦ ગ્રામ સોનુ મળી પોલીસે બપોર સુધીમાં ૪.૮૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. બીજી તરફ ગાંધીનગર પોલીસે એરપોર્ટ પર તપાસ કરાવી કે પંચાલ અટક ધરાવતી કોઈ વ્યક્તિએ અવરજવર કરી છે ? જેમાં શ્રેયા પંચાલ નામની ગાંધીનગરની મહિલા અમદાવાદથી મુંબઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. મુંબઈ મોકલવામાં આવેલી સે. ૭ પોલીસમથકની પી.એસ.આઈ. એ.કે. ભરવાડ તથા તેમની ટીમે આ મહિલાનો પીછો કર્યો. આ મહિલા પરેશ પંચાલની પત્નિ જ હતી. મુંબઈ ગોરેગાંવ ફિલ્મસીટી પાસેથી સાંજે પરિવાર સાથે સુત્રધાર પરેશ પંચાલની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની પાસેથી ૧૦ કિલો સોનુ પણ મળી આવ્યું છે. મુંબઈથી આરોપીને ગાંધીનગર લવાઈ રહ્યો છે.

રૂ. ૧૭હજારનો પગાર મેળવતો પરેશ પંચાલ ઓફીસમાં ક્યારેક ઈનોવા ગાડી તો ક્યારેક લોગાન જેવી મોંઘી મોંઘી ગાડીઓ લઈને આવતો હતો. તે ઉપરાંત અવર-જવર પણ ફ્લાઈટમાં કરતો હતો. તેની ઉંચી રહેણી-કરણી જોતા આવા અન્ય ઉચાપત કે છેતરપીંડી જેવા ગુનાઓ કર્યા હોવાની શક્યતા છે. પોલીસે તે દિશામાં ઊંડી તપાસ કરી રહી છે.

કાતિલ ઠંડી...

પહેલા પાનાનું ચાલુ

ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજું ફળી વળ્યું છે. આમા હજુ કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કાશ્મીરમાં આજે સુર્યપ્રકાશની સ્થિતિ રહી હતી પરંતુ તાપમાનમાં હજુ પણ ઘટાડો યથાવત છે. લડાખમાં આંશિક રાહત જોવા મળી હતી. શ્રીનગરમાં માઈનસ ૩.૫ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ જ્યારે પહેલગામમાં માઈનસ ૯ ડિગ્રી અને કાજીગુંદમાં માઈનસ ૬.૨ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. ઉત્તરકાશ્મીરના કુપવારમાં માઈનસ ૩, કોકરનાગમાં માઈનસ ૩.૧, સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૬ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. બીજી બાજુ લેહમાં પારો ગગડીને માઈનસ ૮.૫ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. કારગીલમાં માઈનસ ૧૨.૮ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ જે ગઈકાલે માઈનસ ૧૬.૨ ડિગ્રી તાપમાન હતુ. કારગીલમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. આગામી થોડાક દિવસમાં સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. હિમાચલના ઘણા ભાગોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે કારણ કે ભારે હિમવર્ષા થઈ છે. તાપમાન ગગડી જતા જનજીવનને પણ અસર થઈ છે.

૧૧મીએ ચૂંટણી ...

પહેલા પાનાનું ચાલુ

બેઠક પર હવે કોની પસંદગી થાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા આ પદના ઉમેદવારની પસંદગી અંગે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં જ સભ્યોની બેઠક બોલાવવામાં આવશે અને સભ્યોના મન જાણ્યા બાદ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તીવ્ર બનેલી જૂથબંધીને કારણે કોંગ્રેસ પક્ષ હાલ કોઈ જ રીતે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. તાજેતરમાં કારોબારીના ચેરમેન સામે રજુ થયેલી દરખાસ્ત વેળાએ જ જિલ્લા મોવડીમંડળે સૌ સભ્યોની લાગણીને ધ્યાને લેવાની આપેલી ખાત્રીને પગલે હવે બધાજ આગેવાનો છાશ ફૂંકી ફૂંકીને પી રહ્યા છે.

વ્યાપક ફરીયાદો

● પહેલા પાનાનું ચાલુ

બેઠકમાં બાકી તુમારો, પગાર નિયત કરવાના બાકી કેસો, પેન્શન કેસો, તકેદારી આયોગના કેસો, લોકોને સ્પર્શતા મહત્વના સરકારી હુકમો, માહિતી અધિકાર હેઠળની અરજીઓ વગેરે મુદ્દાઓની વિગતે સમીક્ષા કરવામાં આવી હતી. તકેદારી આયોગના કેસો પરત્વે કાળજીપૂર્વકની ચકાસણી- સમીક્ષા કરી તેનો ઝડપથી નિકાલ થાય તેમ કાર્યવાહી કરવામાં શ્રી પી. સ્વરૂપે ભારપૂર્વક જણાવ્યું હતુ.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્ય માટે ખેતીના લોખંડના ઓજાર અને પવિત્ર જળના કલેકશનની કામગીરી ચાલી રહી છે તેની રૂપરેખા આપી સુચારુ કાર્યવાહી કરવા જણાવ્યું હતું. સાથે જ, તા-૧૮ જાન્યુઆરીએ યોજાનાર પ્લસ પોલિયો રસીકરણ ઝુંબેશ દરમ્યાન શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સઘન રીતે સર્વે મુજબનાં તમામ બાળકોને પોલિયો રસીકરણથી આવરી લેવા અને બુથ કવરેજ ૯૦ ટકાથી ઓછું ન થાય તેની કાળજી રાખવા જણાવ્યું હતું. સાથે જ, પીએનડીટી એકટ અંતર્ગત જિલ્લામાં કોઈપણ જગ્યાએ ગેરકાયદેસર ગર્ભપાત ન થાય, દીકરી ભ્રૂણહત્યા ન થાય તેની કડક તકેદારી રાખવા તેમજ સોનોગ્રાફી મશિનનું નિયમાનુસાર રજિસ્ટેશન કરાવાયેલું હોય તે બાબતોની કાળજી રાખવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

સાથે જ જિલ્લા કલેકટરશ્રી તેમજ જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલે સરકારી કચેરીઓમાં નાણાકીય ઉચાપત, સરકારી નાણાંનો દુરૂપયોગ- છેતરપિંડી જેવી ઘટનાઓ ન બને તે માટે કરાર આધારિત ધોરણે- સંબંધિત આઉટ સોર્સિંગ-સિક્યોરિટી એજન્સી દ્વારા રાખવામાં આવતા સ્ટાફની પૂરતી વિગત-બાયોડેટા, બેંક એકાઉન્ટ વગેરેની માહિતી અને તેનું વેરિફિકેશન કરવું-વગેરે અંગે વિસ્તૃત ચર્ચા કરીને પૂર્ણ કાળજી- તકેદારી રાખવા જિલ્લાના અધિકારીઓને જણાવ્યું હતું.

આ ઉપરાંત બેઠકમાં કામના સ્થળે મહિલાઓ સાથે થતી જાતીય સતામણીના મુદ્દા પરત્વે તમામ કચેરીઓમાં નિયમાનુસાર એક કમિટી બનાવવા, આ કમિટીમાં મહિલા -તિનિધિ સભ્ય તરીકે હોય અને કોઈપણ ફરિયાદ હોય, કમિટી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું હતું.

ગ્રુપ ઓફ પ્રોગ્રેસીવ કોલેજીસનો સ્પોર્ટસ ફેસ્ટિવલ ૨૧ જાન્યુઆરીએ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાનમાં

વલ્લભવિદ્યાનગર, તા.૧૮

ચારુતર વિદ્યામંડળ, ચરોતર એજયુકેશન સોસાયટી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ અને તિરુપતિ ફાઉન્ડેશન (સ્પેક)ના સંયુકત ઉપક્રમે ગ્રુપ ઓફ પ્રોગ્રેસીવ કોલેજીસનો સ્પોર્ટસ ફેસ્ટિવલ ૨૦૧૩-૧૪ મંગળવાર, ૨૧ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સવારે ૧૦ વાગે શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાશે. આ સમારંભમાં એથ્લેટિક મીટનું ઉદઘાટન અને સ્પોર્ટસ ફેસ્ટિવલનું ઈનામ વિતરણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવશે એવું સ્પોર્ટસ ફેસ્ટિવલના સંયોજક ડૉ. બી.એલ. નાગર અને સહ સંયોજક પ્રા. અશોક જે. ઝાલાએ જણાવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળના વિશાળ શાસ્ત્રી મેદાનમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થી ખેલાડીઓની ઉપસ્થિતિમાં યોજાનાર માર્ચપાસ્ટના દબદબાભેર આયોજન પછી સમારંભ શરુ થશે. મહોત્સવમાં ૨૩ કોલેજો સહભાગી થઈ રહી છે.

સમારંભમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ. એમ. પટેલ, આણંદ નગરપાલિકાના પ્રમુખ અને સિન્ડિકેટ સભ્યશ્રી પ્રફોશભાઈ (ભયલુભાઈ) પટેલ, ચરોતર એજયુકેશન સોસાયટીના મંત્રી શ્રી કેતનભાઈ પટેલ, શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ અને સિન્ડિકેટ સભ્ય શ્રી હેમંતભાઈ પટેલ અને મંત્રી શ્રીમતી જયોત્સનાબેન પટેલ તેમજ તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ (સ્પેક)ના પ્રમુખશ્રી ગીરીશભાઈ પટેલ અને મંત્રી શ્રી શીતલ પટેલ સહિતના મહાનુભાવો, વિવિધ કોલેજોના આચાર્યો અને અધ્યાપકો તેમજ ખેલપ્રેમી નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. પ્રારંભમાં સમારંભના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલને હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે અને મશાલ (ટોર્ચ) લઈને આવનાર વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવશે. મહાનુભાવોના સ્વાગત બાદ મુખ્ય અતિથિ શ્રી રાજેશભાઈ પટેલ એથ્લેટિક મીટને ખુલ્લી મુકશે એ પછી શપથગ્રહણ સમારંભ અને ઈનામ વિતરણ સમારંભ થશે. મુખ્ય અતિથિના સંબોધન પછી અધ્યક્ષ આશીર્વાદ આપશે.

ટચૂકડી જાહેર ખબર

બાટીક હાઉસ
COLLECTION OF BATIK (PRINT) CLOTHES
ડ્રેસ, કુર્તી, ટોપ, લેગીન્સ, હેરમ, કેપ્રી, સ્કર્ટ, પર્સ, બાંધણી ડ્રેસ
૧૦૦ ટકા કોટન
પ્લોટ નં. ૪૭૧/૨, સેક્ટર-૧૨/બી, ગાંધીનગર
મો. : ૯૯૨૫૮ ૧૦૦૭૯

વેચવાનું છે
કોબા સર્કલ નજીક 2 BHK પેન્ટ હાઉસ તથા રાયસણ પાસે 2 BHK ફ્લેટ
મો. : ૯૬૨૪૯૧૬૦૦૦, ૯૬૨૪૬૧૬૦૦૦

વેચવાનું છે
ગાંધીનગરમાં સિટી પલ્સ મલ્ટીપ્લેકસ સામે રાધે રેસીડેન્સીમાં 3 BHK ફર્નિશ્ડ પેન્ટ હાઉસ વેચવાનું છે.
મો. : ૯૬૨૪૯૧૬૦૦૦, ૯૬૨૪૬૧૬૦૦૦

પ્લોટ અને ફ્લેટ વેચવાના છે
ઘ-૬ કોર્નર, સેક્ટર-૨૮માં ૨૩૫ વારનો પ્લોટ તથા સેક્ટર-૪/ડીમાં ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ તથા સેક્ટર-૫/સીમાં ફ્લેટ
સંપર્ક : ૯૮૨૫૮૦૫૧૪૧
સવારે ૮ થી ૬

શ્રી સ્વામી પ્રસન્ન
ઉપવાસ માટે બટાકાના પાપડ મળશે. આપનો ઓર્ડર બુક કરાવો.
કલ્યાણીબેન મેંગડે
મો. : ૯૭૧૨૮૭૫૫૦૦